Serial Number
↓

Roll No. ....

Total No. of Questions : **24**

Total No. of Printed Pages : **7+1 Blank**

P-910

High School, Examination (Regular) - 2020

गुजराती (सामान्य)

GUJARATI (General)

Time : **3** Hours] [Maximum Marks : **100**

---

1 નીચેની ખાલી જગ્યા પૂરો : **5**

(1) ઝાંઝર __________ એ પહેરાવ્યું છે.

(2) હલેસે હલેસે __________ હલેસાય છે.

(3) મોરનાં ઈંડાંને __________ ન પડે.

(4) મહાદેવ શિખરે __________ જોવા મળે છે.

(5) 'પવન'નો સમાનાર્થી શબ્દ __________ છે.

2 નીચેના પ્રશ્નો માટે સાચો વિકલ્પ શોધીને લખો : **5**

(1) વાંસળી કોને પ્રિય છે ?

(1) કૃષ્ણ

(2) વિષ્ણુ

(3) રામ

Downloaded From Parikshafal.com

(2) 'ખોબે ઉલેચાય દરિયો' કહીને કવિ કઈ પૌરાણિક ઘટનાનો ઉલ્લેખ કરે છે ?

(1) વાલ્મીકિ ઋષિની

(2) વિશ્વામિત્ર ઋષિની

(3) અગસ્ત્ય ઋષિની

(3) નાગપંચમી કયા મહિનામાં આવે છે ?

(1) કારતક

(2) શ્રાવણ

(3) ફાગણ

(4) રામમૂર્તિનું શરીર બાળપણમાં કેવું હતું ?

(1) મજબૂત

(2) બળવાન

(3) માયકાંગલું

(5) 'દેવ' શબ્દનો વિરોધી શબ્દ કયો છે ?

(1) પ્રભુ

(2) દાનવ

(3) ઈશ્વર

3 નીચેનાની સાચી જોડી બનાવો : 5

(અ)	(બ)
(1) કસરતબાજ રામમૂર્તિ	(1) ખોડીદાસ પરમાર
(2) હાસ્ય	(2) નરસિંહ મહેતા
(3) લોકજીવનમાં મોર	(3) ઉમાશંકર જોશી
(4) હળવે હળવે	(4) ડૉ. મહેન્દ્ર પંડ્યા
(5) બલિ	(5) કાકા કાલેલકર
	(6) કુમારપાળ દેસાઈ

Downloaded From Parikshafal.com

4 નીચેના પ્રશ્નોના એક શબ્દમાં ઉત્તર લખો : 5

(1) પંચમઢી કેવું સ્થળ છે ?

(2) પંડિત ઓમકારનાથજીનાં પિતાનું નામ શું હતું ?

(3) આર વિના શું ફેરવી શકાતું નથી ?

(4) હરજીનું સ્વાગત કવિ શાનાથી કરે છે ?

(5) 'સેવાકાર્યો' સમાસનો વિગ્રહ લખો.

5 નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે લખો : 5

(1) શેઠાણી હરકુંવરમાં શિલ્પ-સ્થાપત્યની ઊંડી સૂઝ હતી.

(2) સીતાજી ભીલની ચતુરાઈ જોઈને દુખી થયા.

(3) ઝાંઝર પર મોરલિયા અને ચાંદલિયાં હતા.

(4) 'આંખ' શબ્દનો સમાનાર્થી શબ્દ 'રેણુ' થાય.

(5) 'ફળાહાર' સમાસનો વિગ્રહ ફળોનો આહાર થાય.

6 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો : (કોઈ પણ ચાર) 2

(1) હૈયું

(2) નીર

(3) શૂળ

(4) લોચન

(5) ગગન

(6) ધરા

Downloaded From Parikshafal.com

7 નીચેના શબ્દોના વિરોધી શબ્દો લખો : (કોઈ પણ **ચાર**) 2

(1) સફળ

(2) સજ્જન

(3) ઉદય

(4) અંત

(5) સ્વચ્છ

(6) ઉદાસ

8 નીચેના શબ્દોના શબ્દાર્થ લખો : (કોઈ પણ **ચાર**) 2

(1) વ્યાકુળ

(2) કામણ

(3) વિપુલ

(4) ગ્રીવા

(5) હેરત

(6) અધીર

9 નીચે આપેલ સંધિને જોડો : (કોઈ પણ **ચાર**) 2

(1) મહા + ઈશ્વર

(2) ભાનુ + ઉદય

(3) પ્રતિ + એક

(4) રમા + ઈશ

(5) મહા + ઋષિ

(6) પરિ + ઈક્ષા

Downloaded From Parikshafal.com

10 નીચે આપેલા સામાસિક શબ્દોને છૂટા પાડો : (કોઈ પણ **ચાર**) 2

(1) કન્યાશાળા

(2) વર્ષારંભ

(3) દેશદાઝ

(4) તારામંડળ

(5) આત્મજ્ઞાન

(6) સીતારામ

11 પીપળાનાં પાકાં પાન કૂંપળોને શું કહે છે ? 4

અથવા

હરજી ક્યાં પધારે છે ? હરજીનાં દર્શનથી કવિ શું પામે છે ?

12 કૃષ્ણે મોતી શી રીતે ઉછેર્યાં ? મોતીનો ફાલ ઉતારીને કૃષ્ણે કોને વહેંચ્યો ? 4

અથવા

મંદિર કેવું છે ? ત્રણ પગલે ઈશ્વર ભક્ત પાસેથી શું-શું લઈ લેશે ?

13 જશોદા માતા 'હું અપરાધણ' એમ શા માટે કહે છે ? 4

અથવા

કવિને શંખના ઘોરમાં દરિયો કેમ સંભળાય છે ? દરિયો તરસ્યો થાય તો શું પી જાય ?

14 નાવિકને શી શંકા પડી ગઈ હતી ? નાવિકે રામચંદ્રનાં ચરણ ધોવાની શી યુક્તિ દોડાવી ? 4

અથવા

કૃષ્ણવિરહે અન્ય કોણ કોણ દુઃખી થશે એમ જશોદા કહે છે ?

Downloaded From Parikshafal.com

15 શ્વાનની સોબત કઈ રીતે દુઃખ આપે છે ? કોની પાસે શું શું ટકતું નથી ? 4

અથવા

વાંસળી કૃષ્ણના ભક્તોની શી દશા કરે છે ?

16 પંચમઢી નામ શાથી પડ્યું ? પંચમઢીમાં શું શું જોવાલાયક છે ? 4

અથવા

વાતાવરણની કલુષિતતા દૂર કરવામાં વ્યક્તિ શો ફાળો આપી શકે છે ?

17 હાસ્યની રેલમછેલ કેવી રીતે વહે છે ? 4

અથવા

વસ્તુ-વિનિમય શી રીતે પ્રતિકૂળ છે ?

18 ગીધ કોણ હતો ? ગીધ પર રામને ક્યારે પ્રેમ ઉપજ્યો ? 4

અથવા

સુઘરીના માળાની રચના કેવી હોય છે ?

19 શેઠનું મૃત્યુ થતાં હરકુંવરને માથે શી જવાબદારી આવી પડી ? 4

અથવા

સાપ માણસજાતને શી રીતે ઉપયોગી બને છે ?

20 ભારવિ પિતાનું ખૂન કરવા શા માટે તૈયાર થયા હતા ? 4

અથવા

બાળક ઈચ્છાશંકર માને મદદ કરવા શું શું કરતો ?

Downloaded From Parikshafal.com

21 વિશેષણ કોને કહેવાય ? વિશેષણનાં પ્રકાર લખી કોઈ પણ બે પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો. 5

અથવા

વિરામચિહ્ન કોને કહેવાય ? વિરામચિહ્નના પ્રકાર લખી કોઈ પણ બે પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો.

22 નીચેની કાવ્ય પંક્તિ, કાવ્ય તથા કવિનું નામ લખી વિસ્તારથી સમજાવો : 5

ન રોકી શકે ડૂબનારાને કોઈ,
જગતમાં નકામો વગોવાય દરિયો.
સતાવે અગર સૂર્ય-કિરણો તો દોડી,
કિનારાની રેતીમાં સંતાય દરિયો.

અથવા

જોતા તું કાષ્ઠનો કરકડો, હો વાંસલડી ?
તુંને આજ મળી છે ઠકરાત રે, હો વાંસલડી !
ગતિવિહોણાં તે ઘેલાં કર્યાં, હો વાંસલડી !
તેં તો લગાડી લાલશું લગન રે, હો વાંસલડી !

23 બોધક ટીકડીમાંથી કોઈ પણ એક વાર્તા તમારા શબ્દોમાં લખી વાર્તામાંથી મળતો બોધ લખો. 5

24 નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર **200** થી **250** શબ્દોમાં નિબંધ લખો : 10

(1) આધુનિક વિદ્યાર્થી

(2) જીવનમાં વ્યાયામનું મહત્ત્વ

(3) સ્વચ્છ ભારત

(4) બેકારી - એક સમસ્યા.

Downloaded From Parikshafal.com